મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૯૦ ટકા
ગાંધીનગર તાપમાન

નિવૃત્ત આઈએએસના દિકરાએ જીમખાનામાં ધમાલ મચાવી

સોમવારે રજાનો દિવસ હોવાથી સે-૨૧ જીમખાનાના સિકયુરીટી ગાર્ડે પ્રવેશ ન આપતા કેબીનોના કાચ તોડી નાંખ્યા : હાથથી કાચ તોડતા દિકરો લોહીલુહાણ : પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૩૧

સેકટર-૨૧ જીમખાનાના પ્રવેશદ્વારે અને અંદરની કેબીનમાં આજે સવારે નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારીના દિકરાએ તોડફોડ કરી ધમાલ મચાવતા ઉહાપોહ મચી ગયો હતો. સોમવારે રજાનો દિવસ હોવાથી અધિકારીના દિકરાને પ્રવેશ આપવાની સિકયુરીટી ગાર્ડે મનાઈ ફરમાવતા આ ધમાલ થઈ હતી. હાથથી કાચની કેબીનોમાં તોડફોડ કરતાં સ્થળ પર લોહીના ખાબોચીયા ભરાઈ ગયા હતા. ઘાયલ અધિકારી પુત્રને હોસ્પિટલાઈઝડ કરવો પડયો હતો. તો બીજી તરફ ગાર્ડની ફરિયાદને આધારે અધિકારી પુત્ર સામે સે-૨૧ પોલિસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ આજે સોમવાર હોવાથી સેકટર-૨ જીમખાનામાં રજા હોય છે. રજાને પગલે જીમખાનામાં કોઈ પણ મેમ્બરને પ્રવેશ પર પ્રતિબંધ હોય છે. આજે સવારે નવેક વાગ્યાના અરસામાં નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારી હિંમતભાઈ વ્યાસનો દિકરો યોગેશ જીમખાનામાં આવ્યો હતો. પ્રવેશ મેળવવા જતા સિકયુરીટી ગાર્ડે તેને રોકતા યોગેશ ઉશ્કેરાઈ ગયો હતો અને પ્રવેશદ્વારની સિકયુરીટી કેબીનના કાચ પોતાના હાથ વડે મુક્કા મારીને તોડી નાંખ્યા હતા. ત્યાં લોહી લુહાણ થયા બાદ અંદર ઘુસી જઈને મુખ્ય ઓફીસના કેબીનમાં પણ તોડફોડ કરી કાચ ફોડી નાંખ્યા હતા. પ્રવેશદ્વારથી ઓફીસ સુધીના પચાસેક ફુટના રસ્તા પર લોહીના ધબ્બા પડી ગયા હતા. ઈજાગ્રસ્ત યોગેશને હોસ્પિટલાઈઝડ કરવો પડયો હતો તો બીજી તરફ સિકયુરીટી ગાર્ડ કરણસિંહ કિશોરસિંહ વાઘેલાની ફરિયાદને આધારે સે-૨૧ પોલિસે સરકારી માલ મિલકતને નુકશાન કરવા બદલ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

સે-૭ પોલિસે શ્રાવણીયા જુગાર પર સપાટો બોલાવ્યો

સે-૪ પાસે હડમતીયામાં દરોડો પાડી ચાર જુગારીઓ પકડયા અને ઉદ્યોગભવનમાં ઓફીસમાં બેસીને જુગાર રમતા ૧૦ શકુનીઓ ઝડપી પાડયા : ૬૦ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૩૧

શ્રાવણ આવતા જ જુગારીઓને પત્તા પકડવા હાથમાં ખંજવાળ શરુ થઈ ગઈ હતી ત્યારે જિલ્લા પોલિસની ટીમો પણ જુગારના બોર્ડ પકડવા સતત એકટીવ રહે છે. શ્રાવણીયા જુગાર રમતા શખ્સોને પકડવા સેકટર-૭ પોલીસની ટીમ સક્રિય હતી દરમિયાન ગઈ કાલે બે સ્થળોએ દરોડા પાડી રૂ. ૬૦ હજારના મુદ્દામાલ સાથે ૧૪ શકુનીઓને બે બોર્ડ પરથી પકડી પાડયા હતા. સે-૭ પીએસઆઈ વી.આર. પ્રજાપતિએ બંને કેસ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પી.આઈ. પી.બી. ચૌહાણની ડી સ્ટાફની ટીમના પીએસઆઈ વી.આર. પ્રજાપતિ તથા તેમના સ્ટાફે ગઈ કાલે બાતમીને આધારે બે જુગારના સ્થળોએ દરોડા પાડયા હતા. સેકટર-૪ પાસે હડમતીયા ગામમાં દરોડો પાડી શાંતિકુંજ સોસાયટી પાસે ખુલ્લામાં જુગાર રમતા ચાર શખ્સોને રૂ. ૧૪ હજાર રોકડા તથા પાંચ મોબાઈલ મળી કુલ રૂ. ૧૮ હજારના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. અમદાવાદ કૃષ્ણનગરના કિશન હરીશચંદ્ર શર્મા, સે-૪ શિવમ એપાર્ટમેન્ટમાં રહેતા રવિ અશોક શર્મા, સે-૨૪ સત્યમ એપાર્ટમેન્ટમાં રહેતા આશિષ રામભાઈ અંબવાણી અને સે-૧૩ પ્લોટ નં. ૧૦૩૮/૨માં રહેતા રાજેશ દુર્ગાદાસ હરીયાની (સિંધી)ની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી તો બીજી તરફ ઘ-૪ સર્કલ પાસે ઉદ્યોગભવનમાં કુટીર અને ગ્રામ ઉદ્યોગની કચેરીમાં સે-૭ પીએસઆઈ વી.આર. પ્રજાપતિની ટીમે દરોડો પાડી કમિશનરની કચેરીની સામે મુલાકાતીઓની બેઠક રૂમમાં જુગાર રમતા સિકયુરીટી ગાર્ડ સહિત ૧૦ શખ્સોને દબોચી લીધા હતા. દહેગામના ઉદણ ગામના અરવિંદ નારણ પટેલ, રૂષિલ પ્રવિણ પટેલ, રશ્મીકાંત ગોવિંદ પટેલ, માણસાના મંડાલી ગામના ગીરીષ કિરીટ પરમાર, વાવોલ સિધ્ધાર્થ સ્ટેટસમાં રહેતા પંકજ ભીખા પરમાર, ઝુંડાલના શૈલષ પારસી જમોડ, સે-૨૪ સહયોગ સોસાયટીના વિવેક લક્ષ્મણ મહોરે, સે-૧૨ના હાર્દિક દયાનંદ મકવાણા, પવન રતીરામ ગુપ્તા અને સે-૧૬ - છ ટાઈપ બ્લોક નં. ૧૩૬/૧માં રહેતા વિપુલ છનાલાલ સુતરીયા મળીને ૧૦ શખ્સોની રોકડ રૂ. ૨૬,૨૯૦ તથા ૧૨ મોબાઈલ મળી કુલ રૂ. ૪૧,૭૯૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સેકટર-૭ પોલીસે ગઈ કાલે પાડેલા બે દરોડામાં કુલ ૧૪ જુગારીઓની રૂ. ૬૦ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.

ગલુદણમાં દરોડો પાડી ડભોડા પોલીસે છ શકુનીઓ પકડયા

ગાંધીનગર, તા.૩૧

ડભોડા પોલિસ મથકના પીએસઆઈ ડી.બી. વાળાને બાતમી મળી હતી કે ગલુદણ ગામની સીમમાં દશરથ પ્રતાપ ઠાકોરના બોરકુવા પર જુગાર રમાઈ રહ્યો છે. બાતમીને આધારે ગઈ સાંજે ટીમે દરોડો પાડી છ શકુનીઓને પકડી પાડયા હતા. ગલુદણ ગામના દશરથ પ્રતાપ ઠાકોર, નિશાંત ઉર્ફે લાખા શંભુ પટેલ, દહેગામ અનુરાધા સોસાયટીમાં રહેતા અશ્વિન પ્રવિણ જોષી, દહેગામના વિકી વિનુ વાઘેલા, ગાંધીનગરના વિશ્વજીત ભૂપેન્દ્ર સિસોદીયા અને રખિયાલના રંગુ રામ ઠાકોર મળી છ શખ્સોને ડભોડા પોલીસે રોકડ રૂ. ૪૫૨૯૦ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો નવમો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નવમા વર્ષના પ્રવેશ પ્રસંગે આજે યુનિવર્સિટી પરિસરમાં ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કુલપતિ પ્રો. ડૉ. કે.એસ. લિખિયા, મહાનિયામક દિવ્યાંશુ દવે, કુલસચિવ કમલામણી રાવ, નાણાં-હિસાબી અધિકારી રિતેશ શાહ સહિત તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

સમારંભના પ્રારંભે કુલસચિવ કમલામણી રાવે યુનિ.ના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ મહાનિયામક દિવ્યાંશુ દવેએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે 'સ્વતંત્રતા બાદ સંસ્કૃતિની સાથે સાથે ઉત્તમ માનવી ઘડતરનું કાર્ય યુનિ. દ્વારા થઈ રહ્યું છે જેના ફળ સમાજને ભવિષ્યમાં મળશે.' યુનિવર્સિટીના રિસર્ચ આસીસ્ટન્ટ પ્રો. ડૉ. અશોક પ્રજાપતિએ સંસ્થાની વિકાસ યાત્રાનો ચિતાર રજૂ કર્યો હતો જયારે આસીસ્ટન્ટ પ્રાધ્યાપક ડૉ. જીજ્ઞેશ પટેલે અભ્યાસક્રમો અંગે માહિતી આપી હતી. માધ્યમિક શિક્ષક હાર્દિક ભટ્ટની ટીમે સંગીત પીરસ્યા બાદ કુલપતિ પ્રો. ડૉ. કે.એસ. લિખિયાએ બાળકોના પંચકોષાત્મક વિકાસ માટે યુનિવર્સિટી કાર્યરત હોવાનું જણાવતા શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના સમાપને પ્રકલ્પ સંયોજક હિરલ પંડયાએ આભારદર્શન વ્યકત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન આસીસ્ટન્ટ પ્રાધ્યાપક ડૉ. રૂપમ ઉપાધ્યાયે કર્યું હતું.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક હેલ્થ ગાંધીનગર દ્વારા પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, સ્વાસ્થ્ય ક્ષેત્રે વિશેષ કૌશલ્ય મેળવીને તેનો લાભ દેશના નાગરિકો અને તમામ સમાજને પ્રાપ્ત થાય અને આરોગ્યના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રયાસો દ્વારા મહારોગ જેવી ભંગીર બિમારીઓથી રાષ્ટ્રને મુક્તિ મળે તેવા કાર્યો કરવા જોઈએ.

ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થના પદવીદાન સમારોહમાં ૬૭ વિદ્યાર્થીઓને માસ્ટર ઓફ પબ્લીક હેલ્થ, પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન હેલ્થ મેનેજમેન્ટ તથા એસોસિએટ ફેલો ઈન ઈન્ડસ્ટ્રીયલ હેલ્થની પદવીઓ આપીને રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રમાં આ વિશેષ પદવીઓના કૌશલ્યનો લાભ સમાજને પ્રાપ્ત થાય તે દિશામાં શ્રેષ્ઠ ભૂમિકા પ્રદાન કરશો તેવી મને શ્રધ્ધા છે. ગુજરાત સરકારે આરોગ્ય ક્ષેત્રે સારી સુવિધાઓને અગ્રીમતા આપી છે. પબ્લીક હેલ્થના ક્ષેત્રમાં સારી સ્વાસ્થ્ય સેવાઓ બજાવીને આપ સૌ વિદ્યાર્થીઓ સામાજિક ઉત્તરદાયિત્વ

નિભાવવા અને સંપર્ણ નિષ્ઠાથી પોતાનું યોગદાન આપી દૃઢ સંકલ્પથી વિધાર્થીઓને કાર્યો કરવા જણાવ્યું હતું. આર્થિક અને સામાજિક વિકાસમાં આ સંસ્થા નોંધપાત્ર યોગદાન આપશે તેવી આશા રાજયપાલશ્રીએ વ્યક્ત કરી હતી.

ધી ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ પબ્લીક હેલ્થ, ગાંધીનગર દ્વારા આરોગ્ય ક્ષેત્રમાં શિક્ષણ, તાલીમ અને સંશોધન સહિતના વિવિધ કાર્યોની રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન શ્રી સુધીર માંકડ, પ્રમુખ શ્રી ડૉ. શ્રીનાથ રેડ્ડી, પ્રોફેસર દિલીપ માવલંકર, ડૉ. નિતીન શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ સંસ્થાની માસ્ટર ઓફ પબ્લીક હેલ્થની પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ એન.જી.ઓ તથા સીએસઆર ઓર્ગેનાઈઝેશનમાં તથા ખાનગી અને સરકારી ક્ષેત્રમાં સેવા બજાવશે.

વૃક્ષારોપણ થકી દિકરીનો જન્મદિન ઉજવાયો

ગાંધીનગરમાં વોર્ડ નં. ૮માં સેક્ટર-૩-ન્યુ ખાતે સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાતના સુપુત્રી બેબી રિતીકાના જન્મદિન પ્રસંગે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરસેવક દ્વારા આ વૃક્ષારોપણ કાર્યક્રમ થકી બાળકોને પર્યાવરણના જતનનો સંદેશ પણ આપ્યો હતો.

જન્મદિન જેવા પ્રસંગને વૃક્ષારોપણ દ્વારા ઉજવી નગરસેવકે અનોખો સંદેશ આપ્યો છે. આ કાર્યમાં વોર્ડ નં. ૮ના અગ્રણીઓ જેવા કે નવરાત્રિ સમિતિના પ્રમુખ સંજય પટેલ, સભ્યો બિપીન પરમાર, કિરીટ પરેરા, મિહિર પટેલ, ચિમનભાઈ ચૌધરી તથા ભરતભાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. વૃક્ષારોપણમાં લીમડાં, આસોપાલવ, કરેણ અને ચંપા જેવા વૃક્ષો સે. ૩-ન્યુના દુર્ગાચોક ખાતે વાવવામાં આવ્યા હતા તથા આ વૃક્ષોના જતન માટે ટ્રીગાર્ડ પણ લગાડવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે વિનોદભાઈ મેણાત દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

બીસીએમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે 'સ્વાગતમ્' યોજાયો

ગાંધીનગર, તા.૩૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝમાં બીસીએમાં નવા વર્ષે સેમેસ્ટર–૧માં પ્રવેશ મેળવેલ કુલ ૪૧૧ વિદ્યાર્થીઓ માટે આવકાર સમારંભ 'સ્વાગતમ્'નું આયોજન શેઠ શ્રી ખીમજી વિસરામ હૉલ ખાતે કરવામાં આવ્યુંહતું. આજે સામાન્ય રીતે ટેકનીકલ અભ્યાસક્રમ કરવા માટે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ એન્જીનીયરીંગમાં કે બી.સી.એ.માં પ્રવેશ મેળવતા હોય છે પરંતુ જે વિદ્યાર્થીઓ ધો.૧૨માં સામાન્ય પ્રવાહ પસંદ કરતા હોય છે તેઓને બી.સી.એ.ના અભ્યાસક્રમ દ્વારા ટેકનીકલ શિક્ષણ મેળવવાની તક મળે છે. આવા ખુબ જ મોટી સંખ્યામાં-૪૧૧ વિદ્યાર્થીઓએ ચાલુ વર્ષે બીસીએમાં એડ્મિશન લીધું છે. ટેક્નોલોજીનો બૃહદ ઉપયોગ કરીને પોતાના જીવનમાં આગળ વધવા અને સફળતાની સીડીઓ સર કરવા તેઓ માટે આ ક્ષેત્રમાં કેટલી તકો રહેલી છે તેનું માર્ગદર્શન આપવા કોલેજ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે પરંતુ વિદ્યાર્થીઓ માટેના આ કોલેજકાળ-સુવર્ણકાળ દરમ્યાન તેમનામાં રહેલી આંતરિક શક્તિઓ બહાર આવે અને તેનો વિકાસ થાય તે એટલું જ જરૂરી હોય છે અને તેથી કોલેજ દ્વારા તા.૨૨ જુલાઈના રોજ 'સ્વાગતમ્' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ હેતુ આ કાર્યક્રમમાં વિવિધ ઈન હાઉસ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભારતીય કલાને પ્રદર્શિત કરતાં વિવિધ નૃત્યો, ગીતો, મિમિક્રી અને એંકરિંગ જેવી સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાથે સાથે અલગ અલગ હાઉસ પ્રમાણે વિદ્યાર્થીઓ માટે કોલાજ, રંગોળી, શીઘ્ર વકતૃત્વ, ડિબેટ, માઈમ, સ્કિટ, પોસ્ટર મેકિંગ, ઓન ધ સ્પોટ પેંઈન્ટિંગ વગેરે જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું અને અલગ અલગ હાઉસ પ્રમાણે ઈનામો જાહેર કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાઓની સાથે સાથે કોલેજમાં ચાલુ વર્ષે પ્રવેશ મેળવેલ નવા વિદ્યાર્થીઓ માટે મી. અને મીસ. બીપીસીસીએસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૪ પ્રતિસ્પર્ધીઓમાંથી હર્ષવર્ધન રાઠોડ અને થાપા સિમરનને અનુક્રમે Mr. BPCCS અને Miss BPCCS તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રો.રાકેશ ભટનાગરે સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના ડિરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ તમામ ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

@ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં કાજુ દ્રાક્ષના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે શાકભાજીના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ સૂર્યકાંતભાઈ દવે, સી-૬૦૧, બાલમુકુંદ હાઈટ્સ, સ્વામિનારાયણ ધામ સામે, ધોળેશ્વર મહાદેવ રોડ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના સંજયભાઈ પંડયા બી-૧ ટાઈપ, બ્લોક નં. ૧૪૨/૫ ખાતે યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે કલાત્મક મોતીજરી કામના હિંડોળાના દર્શન યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ કીર્તિકુમાર જગદીશભાઈ ઉપાધ્યાય ૫૮૪/૨, કિસાનનગર ખાતે યોજાશે.

વાતવાતમાં

● સેકટર-૩-ડીમાં એક વસાહતીના ઘરમાં બુલબુલ પંખી પંખામાં આવી અકસ્માતે મૃત્યુ પામ્યું હતું. જેના કારણે તે ઘરમાં બનાવેલા માળામાંથી બુલબુલના બે બચ્ચાં માળામાંથી બહાર આવી બેબાકળા બન્યા હતા. બચ્ચાં ખૂબ નાના હોવાથી વસાહતીએ પક્ષી પ્રેમીઓનો સંપર્ક સાધતા તેઓએ આ બચ્ચાંને સહી સલામત મુકિતધામ ખાતે પહોંચાડયા હતા.

● ગાંધીનગરના સેકટર-૨૮ની જીઆઈડીસીમાં છેલ્લા કેટલાય સમયથી ખાડાઓનું સામ્રાજય છવાયેલું હતું.જેમાં વરસાદે મુશ્કેલીમાં વધારો કરી આપ્યો છે. અત્યારે જીઆઈડીસીમાં ઠેર ઠેર કાદવ કિચડ સાથે ખાબોચિયા અને ગંદકી ફેલાવાથી સમગ્ર જીઆઈડીસી વિસ્તાર નર્કાગાર સમો બનવા પામ્યો છે.

● શ્રાવણ માસના બીજા સોમવારે વરસાદી વિરામના પગલે શિવ મંદિરોમાં શ્રધ્ધાળુઓએ ભારે ભીડ જમાવી હતી. બીજી તરફ દિવસ દરમિયાન ફરી એકવાર આકાશમાં વાદળો સતત ઘેરાયેલા રહેતા નગરજનોની ઉઘાડની આશા પર પાણી ફરી વળ્યું હતું.

આઈ લવ માય ગાંધીનગર



લાભશંકર ચીમનલાલ રાવલ

ગાંધીનગર ગમે

સ્થાન અને મનનું ખુલ્લાપણું, શહેર અને નગરજનોનાં મનની સુંદરતા ઉપરાંત વૃક્ષોની અને માનવોનાં મનની લાગણીઓની હરિયાળીને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

નગરજનો

શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો ગાંધીનગર શહેરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ગાંધીનગરમાં અનેકવિધ સંસ્થાઓ, વ્યક્તિઓ સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરે છે. એ સૌને મારા સલામ છે.

નગરને બહેતર બનાવવા

યુવાનોમાં ઘણી શક્તિ છે. ઉપરાંત અનેક નાગરિકો એવા છે જેમને નગર માટે કંઈક કરી છૂટવું છે, પણ તેઓ કાં દિશાહિન છે, કાં નિષ્ક્રિય છે. આ બંને વર્ગોને જો શહેરની ઉન્નતિ માટે કામે લગાડાય તો શહેરને બહેતર બનાવી શકાય.

નગર માટે હું કરી શકું

આધ્યાત્મિક ઉપક્રમો માટે મારી સેવા શહેરને આપવા માટે હું તૈયાર છું.

ચિલ્ડ્રન હોમમાં મહિલા મંડળ દ્વારા અનાજનું વિતરણ

ગાંધીનગર, તા.૩૧

મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કડીકર, પ્રફુલ્લાબેન ભાવસાર, રમીલાબેન વાઘેલા, જશીબેન તેમજ મહિલા મંડળની બહેનો દ્વારા સે-૧૯ જુનું સરકારી દવખાનું, સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે દૂધની થેલી, બ્રેડ, તુવેરની દાળ, ચોખા, ફળ નું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનાથી બાળકોમાં આનંદ-ઉત્સાહ જોવા મળ્યો હતો.

ચિરવિદાય

- સ્વ. દશરથજી સુદાજી ઠાકોર, ઉ.વ. ૪૧
- સ્વ. લક્ષ્મીબેન હરીભાઈ પટેલ, ઉ.વ. ૭૪